**UDHNA CITIZEN COMMERCE COLLEGE &**
**S.P.B. COLLEGE OF BUSINESS ADMINISTRATION &**
**SMT. DIWALIBEN HARJIBHAI GONDALIA COLLEGE OF BCA & I.T.**
(Self-Financed College Affiliated To VNSGU, Surat)
(Managed By Udhna Academy Education Trust, Udhna)
**Address :** 214, Ranchhodnagar, Opp. Swaminarayan Temple, Udhna Main Road, Udhna, Surat – 394 210
**Contact Us:** 0261- 2277739, 2270825, 2273542, www.udhnacollege.org
**EMAIL:** uccbcc_uaet@rediffmail.com, spbcba@gmail.com, uaccait@gmail.com

## <u>ઉધના કોલેજમાં યોજાયેલ પ્રતિભા પર્વ – ૨૦૧૮</u>

તા. ૦૨.૦૧.૨૦૧૮ તથા ૦૩.૦૧.૨૦૧૮ નાં રોજ ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, ઉધના સિટિઝન કોમર્સ કોલેજ એન્ડ એસપીબી કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન એન્ડ શ્રીમતિ દિવાળીબેન હરજીભાઈ ગોંડલીયા કોલેજ ઓફ બીસીએ એન્ડ આઈટી માં વિવિધ આંતર કોલેજ  સ્પર્ધાઓ જેવી કે આઈ.ટી. ક્વીઝ, માઈન્ડ સ્ટોર્મર્સ, સ્કેવેન્જર હન્ટ, એડ મેડ શો, પ્રેઝન્ટેશન સ્કીલ્સ, શીઘ્ર વકતૃત્વ, પુસ્તક સમીક્ષા, ગુજરાતી ગીત, ફેશન શો, અને વિવિધ આંતર શાળા સ્પર્ધાઓ જેમ કે બિઝનેસ ક્વીઝ, રશ અવર, અંતાક્ષરી, ફેશન શો, ડાન્સીંગ તથા ફન ગેમ્સ–રોડીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોનાં અંદાજિત **૨૦૮** જેટલા વિદ્યાર્થી ભાઈ–બહેનોએ તેમજ સુરત શહેરની વિવિધ શાળાઓના અંદાજિત **૧૩૭** વિદ્યાર્થી ભાઈ–બેહનોએ  ઉમળકાભેર ભાગ લીધો હતો. ટ્રસ્ટના પ્રમુખશ્રી કિરિટ ગાંધીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. આ કાર્યક્રમમાં શ્રી ભાણJભાઈ પટેલ (ઉપપ્રમુખશ્રી, ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ), શ્રી કાંતિભાઈ પટેલ (મંત્રીશ્રી, ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ), શ્રી નરેશભાઈ પટેલ (સહમંત્રી) એ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરુ પાડયુ હતુ. ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રી શ્રી નિરંજનભાઈ પટેલ (ખજાનચી) તથા શ્રી  કેતનભાઈ શાહ (સહમંત્રી) એ તમામ સ્પર્ધકોને શુભેચ્છા પાઠવી હતી.  કોલેજનાં ઈ.ચા. આચાર્ય ડાˆ. મેહુલ દેસાઈએ શાબ્દિક આવકાર આપ્યો હતો તથા સફળ આયોજન માટે તમામ સ્ટાફમિત્રોને અભિનંદન પાઠવ્યા હતાં. તમામ આયોજનમાં બીબીએનાં ઉપાચાર્ય ડાˆ. ડેઝી શેબી ઠેકકનાલ એ નોંધપાત્ર યોગદાન આપ્યુ હતું.  પ્રા. પ્રતિક્ષા દેસાઈએ આભારવિધિ રજૂ કરી હતી.